મહેસાણા જિલ્લામાં પોષણ અભિયાન ૨૦૨૦ અંતર્ગત જિલ્લામાં કાર્યક્રમ યોજાયા

મહેસાણા, તા. ૩૦

મહેસાણા જિલ્લામાં ૩૦ અને ૩૧ જાન્યુઆરીએ જિલ્લા પંચાયત બેઠક દિઠ અને નગરપાલિકા કક્ષાએ ૧ ફેબ્રુઆરી દરમિયાન યોજાનાર કાર્યક્રમ અંતર્ગત આજે પ્રથમ દિવસે પોષણ અભિયાન થકી મજબૂત અને સશક્ત ગુજરાતના નિર્માણ માટે સમગ્ર જિલ્લામાં મહેસાણા જિલ્લામાં વિવિધ અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પોષણ અભિયાનની ત્રિ-દિવસીય કાર્યક્રમમાં આજે આંબલીયાસણ અને લાંઘણજ ખાતે સંજય નંદન (આઇ.એ.એ.) અધિક મુખ્ય સચિવ મેનેજીંગ ડાયરેકટર ગુજરાત વખાર નિગમ ગાંધીનગર, થોળ અને કલ્યાણપુરા ખાતે નાણાં વિભાગના અધિક સચિવ પંકજ જોષી, પાંચોટ અને લીંચ ખાતે કે. એમ. લાલા (આઇ.એએસ) સચિવ વૈધાનિક અને સંસદીય બાબતો ગાંધીનગર, રાજપુર ખાતે નર્મદા વોટર રિસોર્સ વોટર સપ્લાય અને કલ્પસર વિભાગ ગાંધીનગર, બાસણા ખાતે ગુજરાત પોલીસ આવાસ નિગમના ચેરમેન ડી. ડી. પટેલ, છાબલીયા ખાતે ગુજરાત ઉર્જા વિકાસ નિગમના ચેરમેન ઈશ્વરભાઈ ભાવસાર, ખરોડ ખાતે ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડના ચેરમેન નરેશ શાહ, ધારાસભ્ય સર્વે સંસદ સભ્ય શ્રીમતી શારદાબેન પટેલ ગોઝારીયા ખાતે અને રાજ્ય સભા સંસદ જુગલજી ઠાકોર સતલાસણા ખાતે ઉપસ્થિત રહ્યા હતા.

દાહોદના જંગલમાં કિશોરીને દિપડાએ ફાડી ખાધી

ભરણ ગામે પણ દિપડાનો વૃદ્ધા પર હિંસક હુમલો : ભરણ ગામમાં દીપડાના પગના નિશાન મળ્યા : દીપડાના બચ્ચાનો મળેલો મૃતદેહ : ગાંધીનગરમાં દિપડાની દહેશત

અમદાવાદ,તા.૩૦

દાહોદના જંગલોમાં લાકડા કાપવા ગયેલી ૧૨ વર્ષની માસૂમ કિશોરીને દિપડાએ ફાડી ખાતાં સમગ્ર પંથકમાં ભારે હાહાકાર મચી ગયો હતો. સ્થાનિક ગ્રામજનો અને ખેડૂતોમાં દિપડાની દહેશતને લઇ ભારે ફફડાટની લાગણી ફેલાઇ ગઇ હતી. તો, બીજીબાજુ, ભરૂચના અંકલેશ્વર તાલુકાના ભરણ ગામમાં દીપડાએ ઘરમાં ઘૂસીને ફુલીબેન ઊમાદભાઇ વસાવા(ઉ.વ.૭૦) નામની વૃધ્ધા ઉપર હુમલો કર્યો હતો. જેમાં ઘવાયેલી વૃધ્ધાને સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જો કે, દિપડાની દહેશતને લઇ પંથકમાં ફફડાટની લાગણી ફેલાઇ ગઇ હતી. દરમ્યાન ગાંધીનગરમાં વીઆઇપી રોડ પર પણ દિપડાના આંટાફેરા થતા હોવાની વાત સામે આવતાં સ્થાનિક વનવિભાગ અને તંત્રના અધિકારીઓએ દિપડાને પકડવા માટે સંભવિત સ્થાનો પર પાંજરા ગોઠવી દીધા છે. દાહોદના જંગલોમાં લાકડા કાપવા ગયેલી ૧૨ વર્ષની માસૂમ કિશોરીને દિપડાએ શિકાર બનાવી હતી. દિપડાએ ૧૨ વર્ષની આ માસૂમ કિશોરીને ફાડી ખાતાં તેનું કરૂણ મોત નીપજયુ હતું, જેને લઇ સમગ્ર પંથકમાં ભારે હાહાકાર મચી ગયો હતો. ખાસ કરીને સ્થાનિક ગ્રામજનો અને ખેડૂતોમાં ફફડાટની લાગણી ફેલાઇ ગઇ હતી. દિપડાના આંતકના અન્ય એક બનાવમાં, ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાના ભરણ ગામમાં ગત મોડી રાત્રે વૃધ્ધા ઘરમાં એકલી હતી, ત્યારે અચાનક દીપડો ઘરમાં ઘૂસી આવ્યો હતો અને ફુલીબેન ઊમાદભાઇ વસાવા પર હુમલો કરી દીધો હતો. જેમાં વૃધ્ધા ગંભીર રીતે ઇજાગ્રસ્ત થઇ હતી. જેથી તુરંત જ સારવાર અર્થે અંકલેશ્વરની જયાબેન મોદી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જયાંથી વધુ સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવી હતી. પરંતુ ત્યાંથી પણ વધુ સારવાર માટે વૃધ્ધાને વડોદરાની સયાજી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવાની ફરજ પડી હતી.

ભરણ ગામ પાસેથી દીપડાના બચ્ચાનો મૃતદેહ પણ મળી આવ્યો હતો. વન વિભાગે મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપ્યો હતો અને આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી. તો, સાબરકાંઠા જિલ્લામાં ઇડર ગઢ પરથી દિપડાએ દેખા દેતાં સ્થાનિક લોકો આનંદનગર સોસાયટીના એક મકાનમાં દિપડો સીસીટીવીમાં કેદ થઇ ગયો હતો.

ઇડર વનવિભાગને દિપડાના પગના નિશાન પણ મળ્યા હતા. તો, રાજયના પાટનગર ગાંધીનગરમાં જયાં મંત્રીઓ અને રાજકીય મહાનુભાવોના નિવાસસ્થાન આવેલા છે તે વીઆઇપી રોડ પર છેલ્લા એક અઠવાડિયાથી દિપડાના આંટાફેરા વધ્યા હોવાની વાત સામે આવતાં સ્થાનિક વનવિભાગ અને તંત્રના અધિકારીઓએ દિપડાને પકડવા માટે સંભવિત સ્થાનો પર પાંજરા અને છટકા ગોઠવી દીધા છે. બીજીબાજુ, માંડવીના વરેલી ગામે એક દિપડો પાંજરે પૂરાયો હતો. આ વિસ્તારમાંથી ૩૮મો દિપડો પાંજરે પૂરાતાં ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો. ઉલ્લેખનીય છે કે, ગત તા.૩ જાન્યુઆરીના અંકલેશ્વર તાલુકાના છેવાડે આવેલા ભરણ ગામમાં ખેતર વિસ્તારમાં મૂળ મહારાષ્ટ્રના નંદુરબારના પિન્ટુભાઈ વળવી તેની પત્ની સાથે શેરડી કાપવાનું કામ કરી રહ્યાં હતા. તે દરમ્યાન તેમનો પાંચ વર્ષનો બાળક કિશન ખેતરમાં રમી રહ્યો હતો. જેના પર દીપડાએ હુમલો કરીને ખેંચી ગયો હતો. ઘટનામાં ગંભીર રીતે ઇજા પામેલ કિશનનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

રાજ્યના ૪૩ વિદ્યાર્થી ચીનથી પરત ફર્યા

વિદેશથી આવતા યાત્રીઓનું એરપોર્ટ પર ચેક અપ : એરપોર્ટ પર ૨૪ કલાક ડોક્ટર અને બે મેડિકલ સ્ટાફની સુવિધા ઉપલબ્ધ : આજે વધુ વિદ્યાર્થીઓ ચીનથી પહોંચશે

અમદાવાદ,તા.૩૦

ચીનમાં કોરોના વાઈરસની અસરથી ભારે હાહાકાર મચ્યો છે ત્યારે હવે ચીન અને તેની આસપાસના દેશોમાં અભ્યાસ કરતાં ગુજરાતના વિદ્યાર્થીઓને ભારત પરત લાવવાની કામગીરી યુધ્ધના ધોરણે ચાલીરહી છે. ભારત સરકાર અને સ્થાનિક આરોગ્ય વિભાગની માહિતી અનુસાર, અત્યારસુધીમાં કુલ ૪૩થી વધુ મુસાફરોને ચાઈનાથી ગુજરાત પરત લાવવામાં આવ્યા છે. મુસાફરોની તબિયત સારી છે. તમામને જિલ્લાના સર્વેલન્સ અધિકારી તેમજ કોર્પોરેશન સર્વેલન્સ અધિકારી દ્વારા દૈનિક ધોરણે મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે. અમદાવાદ એરપોર્ટ પર ચાઈના, હોંગકોંગ, સીંગાપુર, થાઈલેન્ડ, જાપાન અને સાઉથ કોરિયાની આવતાં મુસાફરોનું સ્ક્રીનીંગ કરવાની વ્યવસ્થા ફરજિયાત બનાવાઇ છે તેમજ વડોદરા, સુરત અને રાજકોટ એરપોર્ટ પર હેલ્થ એલર્ટ ડિસ્પ્લે કરવાની પણ તજવીજ હાથ ધરાઇ છે, કે જેથી કોરોના વાઇરસના શંકાસ્પદ કેસોની જાણકારી થઇ શકે. તંત્ર દ્વારા હજુ આવતીકાલે પણ વધુ વિદ્યાર્થીઓ પરત લાવવામાં આવશે, તેના પ્રયાસો ચાલુ છે. સરકારના નિર્દેશાનુસાર અને અગમચેતીના ભાગરૂપે, અમદાવાદ એરપોર્ટ પર ચાઈના, હોંગકોંગ, સીંગાપુર, થાઈલેન્ડ, જાપાન અને સાઉથ કોરિયા દેશમાંથી આવતાં મુસાફરોનું સ્ક્રીનીંગ કરવાની ખાસ વ્યવસ્થા તૈનાત કરાઇ છે. મુસાફરોના સ્ક્રીનીંગ માટે અમદાવાદ એરપોર્ટ પર ટર્મિનલ- ૨ પર સતત ૨૪ કલાક એક ડોક્ટર તેમજ બે પેરા મેડિકલ સ્ટાફ સાથેની મેડિકલ ટીમ પ્રતિનિયુક્ત કરવામાં આવી છે. મેડિકલ ટીમની સાથે થર્મલ સ્કેનર, પી.પી.ઈ.કીટ, એન-૯૪ માસ્ક, થ્રી લેયર માસ્ક, ઓક્સિજન, ઈમરજન્સી દવાઓ તથા સેલ્ફ ડિકલેરેશન અંગેના ફોર્મ રાખવામાં આવ્યાં છે. ઉપરાંત ૨૪ કલાક એડવાન્સ લાઈફ સપોર્ટ સાથેની એમ્બ્યુલન્સ પણ રાખવામાં આવી છે. અમદાવાદ એરપોર્ટ ખાતે ટર્મિનલ ૧ તેમજ વડોદરા, સુરત અને રાજકોટ એરપોર્ટ પર પણ હેલ્થ એલર્ટ ડિસ્પ્લે ઉપલબ્ધ છે. કોરોના વાયરસ માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલને બેઝ હોસ્પિટલ બનાવવામાં આવી છે. જેમાં અદ્યતન સાધનો અને દવા સાથેનો આઈસોલેશન વોર્ડ શરૂ કરવામાં આવ્યાં છે. સપ્તાહમાં વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જિલ્લા કક્ષાનાં અધિકારીઓ સાથે આ રોગની સમીક્ષા કરવામાં આવે છે. આઈ.એમ.એ.નાં સહકારથી તમામ ખાનગી ડોકટરોને સેન્સેટાઈઝ કરવામાં આવ્યા છે.

ચાઈના, હોંગકોગ, જાપાન સહિતના દેશમાંથી અત્યારસુધી ૪૩ થી વધુ વિદ્યાર્થીઓને પરત લવાયા છે. ચીનમાં કોરોના વાયરસે ભારે હાહાકાર મચાવી દીધો છે. આ વાયરસના કારણે હજુ સુધી ચીનમાં ૧૭૦થી વધારે લોકોના મોત થયા છે. અસરગ્રસ્ત થયેલા લોકોની સંખ્યા ૮૦૦૦ની નજીક પહોંચી ગઈ છે.

અરવલ્લીમાં તાનાજી ફિલ્મનો વિરોધ

નાયી-વાળંદ સમાજને અપમાન કરતુ દ્રશ્ય દૂર કરવા જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર

મોડાસા, તા. ૩૦

તાજેતરમાં રીલીઝ થયેલ ફિલ્મ તાનાજીમાં નાયી, લિંબચીયા વાળંદ સમાજનુ અપમાન કરતુ દ્રશ્ય બતાવાયુ હોવાથી નાયી, વાળંદ લીંબચીયા સમાજના લોકોમાં વ્યાપક રોષ ફેલાયો છે. ત્યારે સમગ્ર રાજ્યમાં ફિલ્મ સામે થઈ રહેલા વિરોધ વચ્ચે અરવલ્લી લિંબચ સંગઠન અને જીલ્લાના લીંબચીયા સમાજના તમામ જ્ઞાતિજનોએ ફિલ્મ તાનાજીમાં બિભત્સ ભાષાનો ઉપોયગ અટકાવવા તેમજ કેટલાક દ્રશ્યો દૂર કરવા અરવલ્લી જિલ્લા લીંબચ સેવા સમાજ દ્વારા માંગ કરાઈ છે. આ ફિલ્મમાંથી સમાજના અપમાનીત કરાયેલ દ્રશ્યો દુર કરવાની માંગ સાથે અરવલ્લી જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.



અરવલ્લી લીંબચ સેવા સમાજ સંઘ દ્વારા આવેદન પત્રમાં જણાવવામાં આવ્યું છે કે ફિલ્મ તાનાજીમાં દ્રશ્યો તેમજ બિભત્સ ભાષાનું ઉચ્ચારણ કરી અપમાન કરવામાં આવ્યું છે તેમજ તેમના સમાજની આઘાતજનક લાગણી દુભાયેલી છે. લીંબચ સમાજ સંઘનું એમ પણ કહેવું છે કે તેમના સમાજનું જાહેરમાં અપમાન કરવું કે જાતિવાચક શબ્કો કે દ્રશ્યો જાહેર કરવું એ આખા સમાજ વિરૂદ્ધ ગંભીર ગુન્હો ગણાય છે. આ માટે અરવલ્લી જિલ્લા લીંબચ સેવા સમાજ સંઘ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપી તાત્કાલિક ધોરણે સેન્સર બોર્ડનું ધ્યાન દોરી સમાજની લાગણી દુભાતા શબ્દો દૂર કરવા તેમજ બિભત્સ ભાષાનું ઉચ્ચારણ અટકાવવા માંગ કરી છે. તાનાજી ફિલ્મમાં નાયી વાળંદ સમાજના પ્રદર્શીત કરાયેલ વાંધાજનક દ્રશ્યો દુર કરવાની તેમજ સમાજના અપમાન બદલ પ્રોડ્યુસર અને ડાયરેકટર દ્વારા જાહેરમાં માફી માંગવામાં આવે તેવી માગણીઓ સાથે આવેદનપત્ર પાઠવ્યૂ હતુ અને જો ફિલ્મમાંથી અપમાનજનક શબ્દો અને દ્રશ્યો દુર કરવામાં નહી આવે તો આગામી દિવસોમાં સમાજના લોકો ધ્વારા રેલી યોજી ફિલ્મના વિરૂધ્ધમાં વિરોધ પ્રદર્શન અને સુત્રોચ્ચાર કર્યા હતા.

ગુજરાતમાં કુલ ૧૩૪૪૫ ભિખારી લોકસભામાં રજૂ થયેલ આંકડા

અંદાજે ૪૮૯૬ ભિખારી કુટુંબો ગુજરાતમાં વસવાટ કરી રહ્યા છે

અમદાવાદ,તા.૩૦

લોકસભામાં રજૂ થયેલા આંકડા મુજબ દેશભરમાં ભિખારીઓની સંખ્યા કુલ ૪,૧૩,૭૬૦ છે. જેમાં ૨,૨૧,૬૭૩ પુરૂષો અને ૧,૯૧,૯૯૭ મહિલાઓ છે. ત્યારે ગુજરાતમાં ૧૩૪૪૫ ભિખારી છે. આંકડા અનુસાર અંદાજે ૪૮૯૬ ભિખારી કુટુંબો ગુજરાતમાં વસવાટ કરી રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા ભીખ માંગવા પર ૧૯૫૯થી પ્રતિબંધ મૂકાયો છે. છતા પણ ભિખારીઓની સંખ્યામાં સતત વધારો થતો રહ્યો છે. ભિખારીઓ મોટાભાગે ધાર્મિક સ્થળો પર વધારે જોવા મળે છે. ગુજરાતમાં ૨૦૨૦ સુધીમાં અંદાજે ૨ લાખથી વધુ ધાર્મિક સ્થળો છે.

ગુજરાતની ૬.૫૦ કરોડની વસતી સામે ૧૬ ટકાથી વધારે ગરીબ પરિવાર છે. જેમાથી ૨૦ ટકા લોકો ભિખ માંગવાનું કામ કરે છે. મોટાભાગના ભિખારીઓ ધાર્મિક સ્થળો પર જ બેસીને ભિખ માંગતા હોય છે. ત્યારે અન્ય ઘરે-ઘરે તેમજ બસ સ્ટોપ કે શોપિંગ મોલની આસપાસ ફરતા હોય છે. કેન્દ્ર સરકારના ૨૦ માર્ચ, ૨૦૧૮ના આંકડા મુજબ દેશભરમાં ભિખારીની સંખ્યા કુલ ૪,૧૩,૭૬૦ છે. જેમાં ૨,૨૧,૬૭૩ પુરૂષો અને ૧,૯૧,૯૯૭ મહિલાઓ છે. ત્યારે ગુજરાતમાં ૪૮૯૬ ભિખારી કુટુંબો ભીખ માંગીને પોતાનું ગુજરાન ચલાવે છે. ગુજરાતમાં ૧૩૪૪૫ ભિખારીઓમાં ૮૫૪૯ પુરુષ તેમજ ૪૮૯૬ મહિલા ભિખારી છે.

ગુજરાતમાં દર વર્ષે ધાર્મિક સ્થળોમાં વધારો થતો રહે છે. રાજ્યમાં શાળા અને કોલેજની જગ્યાએ ધાર્મિક સ્થળો પર ખર્ચ થઇ રહ્યો છે. ભિખારીઓની સંખ્યામાં પણ થતા સતત વધારા પાછળ આ એક કારણ પણ હોઇ શકે છે. ગુજરાતમાં વર્ષે અંદાજે ૪ લાખ ધાર્મિક સ્થળો બને છે.

IGLUS સેન્ટર ઓફ એક્સલન્સ (ICE) સ્માર્ટ સિટી લેબનું ગિફ્ટસિટીમાં ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા. ૩૦

સ્માર્ટ સિટી લેબ IGLUS સેન્ટર ઓફ એક્સલન્સ (ICE)નું આજે ગિફ્ટ સિટીમાં ઉદ્‌ઘાટન થયું હતું. ઈપીએફએલ સાથે જોડાણમાં IGLUS દ્વારા શરૂ કરવામાં આવેલું આ સેન્ટર દુનિયાભરમાં સ્માર્ટ સિટીની પહેલો વિશે જાણકારીનું આદાનપ્રદાન કરવા અને આંતરરાષ્ટ્રીય સ્તરની શ્રેષ્ઠ પ્રેક્ટિસ માટે પ્લેટફોર્મ તરીકે કામ કરશે. ગિફ્ટ સિટી ભારતનું પ્રથમ કાર્યરત થયેલું સ્માર્ટ સિટી હોવાથી ICE પણ પર્યાવરણને અનુકૂળ શહેરી આયોજનનાં ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સ્તરનાં નિષ્ણાતો અને પ્રેક્ટિશનર્સ માટે સામાન્ય કેન્દ્ર તરીકે પણ કામ કરશે.

ગિફ્ટ સિટીનાં એમડી અને ગ્રુપ સીઈઓ તપન રેએ, પ્રોફેસર ઈપીએફએલમાં સ્વિસ પોસ્ટ ચેર ફિંજર મેટ્ટહિયાસ, નિરમા યુનિવર્સિટીનાં ડાયરેક્ટર જનરલ ડૉ. અનુપ કે સિંહે ગિફ્ટ સિટીમાં ICEનાં ઈન્ક્યુબેશન માટેની પ્રક્રિયા શરૂ કરવા સમજૂતીકરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા હતા.

શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરમાં શિક્ષાપત્રીની જયંતી દબદબાભેર ઉજવાઈ

જેમ ભગવદ્દીતા સર્વે વેદો તથા વેદાન્તોના એક સારરૂપ છે,

તેમ આ શિક્ષાપત્રી ગ્રંથ, સર્વે ધર્મશાસ્ત્રોના એક સારરૂપ છે. જેમ મધમાખી અનેક પુષ્પોમાંથી સાર ગ્રહણ કરીને એકત્રિત કરે છે, તેમ શ્રીજીમહારાજે અનેક ધર્મશાસ્ત્રોરૂપી (૩૬૫+) પુષ્પોમાંથી સાર ગ્રહણ કરી આ શિક્ષાપત્રીમાં એકત્રિત કરેલો છે. શ્રીજી મહારાજે વિચાર કર્યો કે- કળીયુગમાં મનુષ્યની આયુષ્ય બહુજ ટુંકી હોય છે. અને તેમાં પણ સંસાર સંબંધી વ્યવહારિક કાર્યોમાં અને નિદ્રામાંજ આયુષ્યનો મોટો ભાગ વ્યતીત થતો હોય છે. અને વળી કળીયુગમાં મનુષ્યોની સારગ્રાહી બુદ્ધિ પણ હોતી નથી, તેથી મનુષ્ય સર્વે ધર્મશાસ્ત્રોનું મંથન કરીને જાતે ધર્મ અને અધર્મનો નિર્ણય કરી શકશે નહિ. આ રીતે વિચારીને શ્રીજીમહારાજે પોતે જ સર્વ જીવોના કલ્યાણને માટે સર્વે ધર્મશાસ્ત્રોનો સાર ગ્રહણ કરીને પોતાના આશ્રિત ભક્તજનોને એ સાર, શિક્ષાપત્રી રૂપે સમર્પિત કરેલો છે.

જેમ વેદોનો ભગવાનના મુખ થકી આવિર્ભાવ થયો છે, તેમ આ શિક્ષાપત્રીનો પણ ભગવાન દ્વારા જ આવિર્ભાવ થયો છે. અને વળી ભગવાને પોતે જ કહેલું છે કે- આ મારી વાણી એ મારૂં જ સ્વરૂપ છે. માટે વેદસ્વરૂપ આ શિક્ષાપત્રી ગ્રંથ ભગવાનનું સાક્ષાત્ મૂર્તિમાન સ્વરૂપ છે. અને આ શિક્ષાપત્રીના ૨૧૨ શ્લોકની અંદર સમગ્ર ધર્મશાસ્ત્રોના રહસ્યનો સમાવેશ કરેલો છે. માટે આ શિક્ષાપત્રી સર્વોપરી અને સર્વોત્તમ ગ્રંથ છે.

સાઠંબાની સરકાર માન્ય એગ્રો સેન્ટર યુરિયા ખાતર સાથે

જંતુનાશક દવા કે પાવડર લેવાની ખેડૂતોને ફરજ પડાતા બાયડ પ્રાંતને આવેદનપત્ર

બાયડ, તા. ૩૦

બાયડ તાલુકાની પ્રજાનો મુખ્ય વ્યવસાય પશુપાલન અને ખેતી છે. ત્યારે તાલુકામાં છેલ્લા કેટલાય સમયથી ખેતીના પાક માટેના યુરીયા ખાતરની અછત સર્જાતાં તાલુકાના ખેડૂતોની હાલત કફોડી બની છે અને ખાતર મેળવવા ખેડૂતો વહેલી સવારથી લાઇનોમાં લાગી જાય છે. યુરિયા ખાતરની અછતનો લાભ લઈ કાળા બજાર થતા હોવાની બૂમો વારંવાર ઉઠી રહી છે. ત્યારે બાયડના સાઠંબા ગામે આવેલા એગ્રો સર્વિસ સેન્ટરમાં યુરિયા ખાતર લેવા જતા ખેડૂતોને સેન્ટર પરથી યુરિયા ખાતરની ખરીદી સાથે જંતુનાશક દવા, બિયારણ કે પછી નર્મદા ફોર્સ લેવાની ફરજ પાડવામાં આવતા ખેડૂતોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

બીકેટીએસના મહેશસિંહ ઠાકોર, કિશનસિંહ ચૌહાણ, સંજયસિંહ સહીત સદસ્યોએ બાયડ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી ખેડૂતોની મજબુરીનો ફાયદો ઉઠાવતા દુકાનદાર સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવેની માંગ કરી હતી.

અરવલ્લી જીલ્લા સહીત બાયડ તાલુકામાં ખેડૂતો માટે એકબાજુ કમોસમી વરસાદ, બીજીબાજુ ખેતીમાં રોગ આવવાથી પારાવાર નુકશાની વેઠી રહ્યા છે. રવિ સીઝનમાં ખેડૂતોએ કરેલા વાવેતર માટે જયારે ખાતરની જરૂરિયાત ઉભી થવા પામી છે ત્યારે કેટલાક લોકો દ્વારા ખાતરના ભાવો બાબતે ખેડૂતોને બેફામ લૂંટવામાં આવી રહ્યા હોવાની બૂમો ઉઠી છે. ખેડૂતો યુરિયા ખાતર મેળવવા માટે પણ ખેડૂતો ભુખ્યા તરસ્યા વહેલી સવારથી જ લાંબી લાઈનોમાં ગોઠવાઈ જાય છે. બાયડના સાઠંબા ગામે આવેલા એગ્રો સર્વિસ સેન્ટર પર ૨૭૦ રૂપિયાના યુરિયાની ખાતરની ખરીદી પર ફરજીયાત સેન્ટરમાંથી ૧૦૦ રૂપિયાનું બિયારણ, જંતુનાશક દવા કે અન્ય ખેતીને લગતી ચીજવસ્તુ ખરીદવા ફરજ પાડી ખેડૂતોની મજબુરીનો ફાયદો ઉઠાવવામાં આવતા ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો છે.

નિર્ણય દુઃખદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગામડાઓ સમૃદ્ધ બનાવવાની વાતો કરતી સરકાર ગામડાઓને તોડવા માટે આતુર બની છે તે તમારી સરકારની દંભી નીતિ છતી કરે છે. શહેરને ઈન્ડિયન બ્યુરો સ્ટાન્ડર્ડ પ્રમાણેનું શુદ્ધ પાણી પણ પીવા માટે પુરૂ પાડવામાં આવતુ નથી ત્યારે ગ્રામીણ વિસ્તારને તમે કેવી રીતે પાણી પુરૂ પાડશો.

તેમણે પંચાયત અધિનિયમોની જોગવાઈ મુજબ ગ્રામીણ તાલુકા અને પંચાયતના અભિપ્રાયો વિકાસ કમિશ્નરના અભિપ્રાયને પહેલા બ્લેક-વ્હાઈટમાં જાહેર કરી અને પછી શહેરમાં તેને સમાવવાનો નિર્ણય કરશો તે યોગ્ય લેખાશે તેવી માંગ કરી છે.

બિલ વિતરણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આમછતા હજુ સુધી આ વ્યવસ્થા ગોઠવાઇ શકી નથી. આ વ્યવસ્થાના આધારે નાગરિકો ઓનલાઇન વેરો પણ ચુકવી શકશે. શહેરમાં પાણી ગટર વેરાની ઝુંબેશ અન્વયે અગાઉના બાકી માંગણાની વસુલાત માટે તંત્ર દ્વારા બાકીદારોને નોટીસ પણ આપવામાં આવી હતી પરંતુ નોટીસના અંતે વેરા વસુલાત ઝુંબેશ અસરકારક બનાવી શકાઇ નથી.

ખિલ્લીઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉપયોગ પણ જાહેરાત માટે કરવામાં આવી રહ્યો છે. જયારે આ ગતિવિધિને અટકાવવા શહેરના સેકટરોમાં પણ આ પ્રમાણે ઝુંબેશ હાથ ધરી વનતંત્ર દ્વારા વૃક્ષોને થતુ નુકસાન અટકાવવા માટે તંત્ર ઝુંબેશના ભાગરૂપે કામગીરી હાથ ધરશે.

બજેટ સત્ર

● અનુસંધાન પહેલાનું ચાલુ

અર્થવ્યવસ્થાને વૈશ્વિક સંદર્ભમાં જોવામાં આવે તો ભારત તેનો લાભ ઉઠાવી શકે છે. સંસદનુ સત્ર આવતીકાલે ૩૧મી જાન્યુઆરીના દિવસે શરૂ થયા બાદ આગળ વધનાર છે. બજેટ સત્ર પહેલા સર્વપક્ષીય બેઠક થઈ હતી. બેઠકમાં વિરોધ પક્ષોએ સુધારેલા નાગરિક કાનુન, કાશ્મીરની સ્થિતી સહિત તમામ મુદ્દા પર ચર્ચા કરી હતી. એનઆરસી, અર્થવ્યવસ્થાની સ્થિતી, કાશ્મીરની સ્થિતી સહિતના મુદ્દા ઉઠાવ્યા હતા. આજે યોજાયેલી બેઠકમાં કોંગ્રેસ, તૃણમુળ કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, ડીએમકે સહિતના તમામ પક્ષો હાજર રહ્યા હતા. બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, સંસદીય બાબતોના પ્રધાન પ્રહલાદ જોશી હાજર રહ્યા હતા. જોશીએ બેઠક બાદ કહ્યુ હતુ કે મોદીએ સર્વપક્ષીય બેઠકમાં ખાતરી આપી હતી કે સરકાર વિપક્ષના અભિપ્રયાને સાંભળવા માટે તૈયાર છે.

પ્રથમ પોઝિટીવ કેસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

નાગરિકોને ખસેડી લેવાની કવાયત જોરદાર રીતે ચાલી રહી છે. ભારત સહિતના દેશો પોતાના નાગરિકોને ખસેડવાની પ્રક્રિયામાં છે. અમેરિકા, ભારત, જાપાન સહિતના દેશોએ કેટલાક લોકોને પહેલાથી જ ખસેડી લીધા છે. ફ્રાન્સ, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા અને અન્ય દેશો પણ પોતાના નાગરિકો પર નજર રાખી રહ્યા છે. તેમને ખસેડી લેવા પગલા લઇ રહ્યા છે. યુબેઈમાં કોરોના વાયરસની શરૂઆત એક કરોડ ૧૦ લાખની વસ્તીવાળા શહેર વુહાન મારફતે થઈ હતી. અહીંથી અમેરિકાએ ૧૯૫ પોતાના નાગરિકોને ખસેડી લીધા છે. તમામમાં વાયરસના કોઈ લક્ષણ દેખાયા નથી. કેલિફોર્નિયા મિલેટરી બેઝમાં ત્રણ દિવસ સુધી તેમની તપાસ કરવામાં આવનાર છે.

હાહાકાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચુક્યા છે. જ્યારે અસરગ્રસ્તોની સંખ્યા વધીને ૭૭૪૦ ઉપર પહોંચી ગઇ છે. જે રીતે વાયરસે સકંજો જમાવ્યો છે તે જોતા હાલત કફોડી બનેલી છે. સમગ્ર ચીનમાં કોરોના વાયરસને લઇને વ્યાપક ફફડાટ અને દહેશત છે. બીજી બાજુ જુદા જુદા દેશો પોતાના નાગરિકોને ખસેડી લેવાની કવાયતમાં લાગેલા છે. સૌથી વધારે પ્રભાવિત વિસ્તારોમાં યુબેઇ પ્રાંત છે. ડબલ્યુએચઓ દ્વારા પણ કબુલાત કરવામાં આવી છે કે ખતરો અનેક ગણો વધારે છે. કોરોના વાયરસને લઇને ઇન્ફેક્શન દુનિયાના દેશોમાં ઝડપથી ફેલાઇ રહ્યો છે. કોરોના વાયરસ બેકાબુ છે અને મોતને આંકડો વધી રહ્યો છે. ચીનમાં જે વિસ્તારો સૌથી અસરગ્રસ્ત થયા છે તેમાં હુઆગાંગ, એઝાઓ, ચીબી, શિઆતાઓ, ઝિજિયાંગ, છિનજિઆંગ, લિચુઆન અને વુહાનનો સમાવેશ થાય છે. થાઇલેન્ડ, અમેરિકા, તાઇવાન, જાપાન, વિયેતનામ, સિંગાપોર જેવા દેશોમાં વાયરસે આતંક મચાવી દીધો છે. આ દેશો બાદ હવે કોરોના વાયરસે યુરોપમાં પણ દહેશત ફેલાવી દીધી છે. કોરોના વાયરસના કારણે દહેશત વચ્ચે દુનિયાભરના વિમાનીમથકો પર એલર્ટની જાહેરાત કરવામાં આવી છે.

યે લો આઝાદી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડીસીપી દક્ષિણે માહિતી આપતા કહ્યું હતું કે, વિદ્યાર્થીઓ જામિયાથી રાજઘાટ સુધી માર્ચ કાઢવા ઈચ્છુક હતા પરંતુ તેમને મંજુરી અપાઈ ન હતી. શાંતિપૂર્ણરીતે દેખાવ કરવા કહેવામાં આવ્યું હતું. બીજી બાજુ આ ઘટનાને લઈને જોરદાર રાજનીતિ શરૂ થઈ છે. આમ આદમી પાર્ટી અને કોંગ્રેસે ભાજપ પર પ્રહાર કર્યા છે. આ પક્ષોએ કહ્યું છે કે, અમિત શાહ ગૃહમંત્રી બન્યા બાદ દિલ્હીમાં કાનૂન વ્યવસ્થા ખરાબ થઈ ગઈ છે. ઘણી હત્યાઓ થઈ રહી છે. ૨૨૦થી વધુ ગોળીબારની ઘટનાઓ બની છે. કોંગ્રેસના નેતા મનિષ તિવારીએ પણ આને લઈને અમિત શાહ ઉપર પ્રહાર કર્યા છે.

બેંક હડતાળ

● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે બોલાવ્યા હતા. બેઠકમાં આઈબીએ દ્વારા કોઇ વધારાના નવા પ્રસ્તાવ ન આપવામાં આવતા બેંક યુનિયનોએ પહેલી જાન્યુઆરી અને પહેલી ફેબ્રુઆરીના દિવસે જારી રાખવાનો નિર્ણય કર્યો છે જેથી બેંક સેવા સંપૂર્ણપણે ખોરવાઈ જાય તેવી શક્યતા છે. બેંક કર્મચારીઓ લાંબા સમયથી પગાર વધારાની માંગ કરી રહ્યા છે. હજુ સુધી ૧૨.૨૫ ટકા પગાર વધારાની ઓફર કરવામાં આવી હતી જે બેંક યુનિયનો દ્વારા અસ્વિકાર કરી ચુક્યા છે. એમ માનવામાં આવે છે કે, ૧૦ લાખથી વધુ બેંક કર્મચારી આવતીકાલે હડતાળ પર જશે. આ હડતાળ બાદ ફરી એકવાર વાતચીતના પ્રયાસ કરવામાં આવશે. જો વાતચીત સફળ રહેશે નહીં તો માર્ચ મહિનામાં ૧૧, ૧૨ અને ૧૩મી માર્ચના દિવસે ત્રણ દિવસ માટે હડતાળ પાડવાની ચેતવણી અત્યારથી જ આપવામાં આવી છે. જો એ વખતે પણ મંત્રણા સફળ થશે નહીં તો પહેલી એપ્રિલથી અચોક્કસ મુદત માટે બેંક હડતાળ શરૂ થશે. આર્થિક મંદીના માહોલમાં બેંક કર્મચારીઓ પગાર વધારાની માંગ કરી રહ્યા છે. કેટલાક લોકો એવો આક્ષેપ પણ કરી રહ્યા છે કે, પહેલાથી ખુબ સારા પગાર હોવા છતાં બેંક કર્મચારીઓ બિનજરૂરીરીતે દબાણ લાવવામાં આવી રહ્યું છે. બેંક કર્મચારીઓ બે દિવસ હડતાળ પર રહેશે ત્યારે બેંકિંગ સેવાને સીધી અસર થશે. ખાસ કરીને કારોબારીઓને વધારે મુશ્કેલી નડી શકે છે.